R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 45. DATE: 10-11-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## મીડલ ઇસ્ટના ખ્રિસ્તીઓ ધાર્મિક સ્વાતંત્રતા અને સલામતી વિહોણા છે



મેરોનાઈટ ક્રિશ્ચિયન બિશપે,પશ્ચિમ વિશ્વને ચેતવણી આપતાં કહ્યુ હતું કે તાજેતરમાં બેરુત અને દમાસ્કસ પર થયેલ હિંસક હુમલાઓ ખ્રિસ્તી શરણાર્થીઓમાં વધારો કરશે.એઈડ ટુ ધ ચર્ચ ઈન નીડ ગ્રુપ દ્વારા પ્રકાશિત થયેલ એક રીમાર્કમાં જણાવાયું હતું કે બિશપ નાશર જીમાએલનું કહેવું છે કે મીડલ ઈસ્ટના ખ્રિસ્તીઓ ધાર્મિક સ્વાતંત્રતા અને સલામતી વિહોણા છે.તેથી તેઓ સ્થળાંતર કરી રહ્યા છે.જો કે તેઓ તેમના વતનને ચાહે છે પરંતુ તેઓ આ કારણોસર વતનનો ત્યાગ કરી રહ્યા છે.સીરીયાના પાટનગર દમાસ્કસની પરિસ્થિતિ ગંભીર છે.આ ઉપરાંત બેરુતની હાલત પણ નાજુક છે.ત્યાં વસતા ખ્રિસ્તીઓ એવું માને છે કે તેઓ તેમના વતનને ચાહતા હોવા છતાં,ત્યાંથી ખસી જવું તે તેમના હિતમાં છે.

ગત સપ્તાહમાં બેરુત અને દમાસ્કસ ખાતે થયેલા એક હુમલામાં આઠ અને દસ વ્યક્તિઓના મોત થયા હતા અને સેકડો ઘાયલ થયા હતા.આની પાછળ તેમની આસ્થા અને વિશ્વાસ જવાબદાર છે.આ બિશપની તાજેતરમાં પોપ બેનીડીક્ટ દ્વારા નિમણુંક કરવામાં આવી હતી.જે મેરોનાઈટ ખ્રિસ્તીઓ,તેમની સ્કુલો તેમજ તેમને માટે ઉભી કરાયેલ બીજી કેટલીક સવલતો પર ધ્યાન આપવા માટે છે.અહીયા એક લાખ,પચાસ હજાર લેબોનીઝ ખ્રિસ્તીઓ છે જે પૈકી ૮૦ હજાર મેરોનાઈટ ખ્રિસ્તીઓ છે.બિશપ ગીમાયેલના જણાવ્યા પ્રમાણે તેમની જવાબદારી અંત્યોખ ચર્ચનો હેતુ જીવંત રાખવાનો છે.જે ખ્રિસ્તીઓની સૌથી પુરાણી મંડળીઓ પૈકીની છે.આ ઉપરાંત લેબોનીઝ ખ્રિસ્તીઓ સાથે એકતા જાળવવાની છે.એસીએન ના જણાવ્યા પ્રમાણે લેબોનેન અને સીરીયામાં જુદા જુદા ખ્રિસ્તી પ્રોજેકટો આંતરવિગ્રહને કારણે ખોરંભે પડેલા છે.સીરીયા અને ઈરાકમાંથી જેઓ લેબોનેનમાં આવેલા શરણાર્થીઓ છે તેમને માટે રાહત આપવામાં આવે છે.પરંતુ અહીયા કેટલીક બાબતોમાં ભેદભાવ જોવા મળે છે.યુનાઈટેડ નેશન્સ રેફયુજી એજન્સીના જણાવ્યા પ્રમાણે લેબોનેન ત્રીજો એવો દેશ છે જ્યાં સીરીયન રેફયુજી ૧લાખથી વધુ છે તો રજીસ્ટ્રેશન માટે રાહ જોઈ રહ્યા છે.

## નાઇજીરીયામાં કટ્ટરવાદીઓ દ્વારા ચર્ચો પર હુમલાઓ યથાવત



ઓકટો.૨૧ થી ત્રણ દિવસ ચાલેલા ઈસ્લામિક કટ્ટરવાદીઓના હુમલાઓમાં ૧૨ થી વધુ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા અને સેકડોની સંખ્યામાં લોકો નોર્થઈસ્ટર્ન નાઈજીરીયામાંથી હિજરત કરી હતી.બોકો હરામ ગ્રુપ દ્વારા ચર્ચો પર હુમલા કરવામાં આવ્યા હતા.એક રીપોર્ટમાં જણાવ્યા મુજબ કેટલાક શસ્ત્રધારી લોકોએ બ્રીધન ચર્ચ,નાઈજીરીયામાં હુમલો કર્યો હતો જેમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.ચર્ચ તોડી પાડવામાં આવ્યું હતું આ વખતે ત્યાં હાજર એવા એક ચાઈનીઝ એન્જીનીયર અને તેમના ત્રણ સાથીઓના મોત નિપજ્યા હતા.

નોર્થઈસ્ટર્ન સીટી ઓફ પોટીસકુમ પર ઈસ્લામિક ગ્રુપોના હુમલામાં છેલ્લા ત્રણ દિવસમાં ૩૧ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.જેમાં એક પોલિસમેન તથા એક પ્રેસ રીપોર્ટર પણ સામેલ છે.મોટા ભાગના પોટીસકુમ ખાતેના ચર્ચો બંધ કરી દેવાયા છે.અને ખ્રિસ્તીઓ પ્રાર્થના ઘરોમાં મોતની બીકે જતા નથી.ફ્રેન્ચ ન્યુઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે ખ્રિસ્તીઓ પોતાના ઘરોમાં પુરાઈ રહેવાનું યોગ્ય માન્યું છે.ચર્ચોને બાળી નંખાય અને તોડી પડાય છે ત્યારે ચર્ચ સર્વીસમાં કોઈ જવા તૈયાર નથી.જો કે હજુ સુધી કેટલા લોકોના મોત થયા છે તેનું સાચો અંદાઝ બહાર પડાયો નથી.પરંતુ કેટલાંક લોકોએ એ બાબતની પુષ્ઠી કરી છે કે ચર્ચ ઉપરાંત ચર્ચ સાથે જોડાયેલ કેટલીક મિલ્કતોનો ખાતમો બોલાવી દેવાયો છે.જો કે કેટલાક મૃતદેહોને તેમના સગા સબંધીઓ શેરીઓમાંથી ઉપાડીને તેને દફનાવ્યા હતા.

બોકો હરામ એવું માને છે કે 'પશ્ચિમનું શિક્ષણ એ પાપ છે'તેથી ખ્રિસ્તીઓએ નાઈજીરીયા છોડી દેવું જોઈએ.નાઈજીરીયા આફ્રિકન દેશોમાં વધુ વસ્તી ધરાવતો દેશ છે તેમજ સૌથી વધુ ઓઈલ ઉત્પાદન કરતો દેશ છે.જે બે ભાગોમાં વહેચાયેલો છે. જેમાં નોર્થ બાજુ મુસ્લીમો અને સાઉથ વિસ્તારમાં ખ્રિસ્તીઓ વસે છે.સરકાર સલામતીના ઉપાયોથી ચિંતિત છે.જો કે સૈનિકો શેરીઓમાં,તેમજ અસરગ્રસ્ત વિસ્તારોમાં ગસ્ત લગાવી રહ્યા છે પરંતુ લોકો સલામતી વિહિન છે.

## ભારતની રાજધાની દિલ્હી પાસે હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા પાદરી પર હુમલો



લાલમણી પ્રસાદ, જેઓ ઈમ્માનુએલ બીલીવર્સ ફેલોશીપ કોગ્રીગેશનના પાદરી તરીકે કાર્ય કરે છે. તેમના પર ઓક્ટો.૧૪ના રોજ તેમના ઘર પર કેટલાક હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.નારેલા વિસ્તાર કેન્દ્ર શાસિત પ્રદેસ નોર્થવેસ્ટ,દિલ્હી સ્થિત છે.તેમના પુત્ર સેમ્યુલ પ્રસાદ કે જેનો હાથ ભાંગી નાંખવામાં આવ્યો છે તેના દ્વારા જણાવ્યા મુજબ,બે વ્યક્તિઓ તેમના ઘરમાં પ્રવેશ કર્યો હતો.જેમના હાથમાં સ્ટીલ વોટર બકેટ હતી તેના દ્વારા તેમના પિતાના માથામાં ફટકા મારવામાં આવ્યા જ્યાં સુધી તેઓ બેભાન ન બની ગયા.હુમલાખોરોની સાથે આવેલ અન્ય ડઝન જેટલી વ્યક્તિઓ જેઓએ તેમના ઘર પર પથ્થરમારો કર્યો હતો.પાદરી સન્ડે ચર્ચ મીટીંગ માટેની તૈયારી કરતા હતા ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો.પાદરીના પત્ની અને તેમની દીકરીને પણ હુમલાખોરોએ ગંભીર રીતે ઈજાઓ પહોચાડી હતી.જો કે ત્યારબાદ હુમલાખોરો નાસી ગયા હતા.પાદરીને હોસ્પીટલમાં ખસેડાયા હતા.જ્યાં તેમને માથામાં ૧૮ ટાંકા લેવા પડયા હતા.સ્થાનિક ખ્રિસ્તીઓના કહેવા પ્રમાણે આ ખ્રિસ્તી પાદરીને કેટલાંક હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ધમકી આપવામાં આવી હતી કે તેઓ તેમની પ્રવૃતિ બંધ નહી કરે તો તેમને મારી નાંખવામાં આવશે.આ પાદરી આ વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષથી કામગીરી કરે છે.હુમલાખોરોએ પાદરીના ઘરનું રસોડું,બેડરુમ અને મોટરસાઈકલનો નાશ કર્યો હતો.સત્તાવાળાઓને જાણ કરવા છતાં કોઈ મદદ મળી નહોતી.તેવું ફરિયાદી જણાવ્યું હતું.

**સમાચાર સંપાદન**
**શ્રી સંજય પોલ ચૌહાણ**

## અમેરીકા પર સેન્ડી વાવાઝોડુ ત્રાટક્યુ

તાજેતરમાં અમેરીકા પર સેન્ડી નામનું વાવાઝોડુ ત્રાટક્યુ હતું.જેમાં અંદાજીત ૨૦૦૦ કરોડનું નુકશાન થવા પામ્યાના અહેવાલો છે.ન્યુયોર્ક, ન્યુજર્સી,વિગેરે વિસ્તારોમાં સેન્ડીએ ભારે વિનાશ વેર્યો હતો.જો કે વહીવટીતંત્રએ લીધેલા સમયસરના પગલાંને કારણે ભારે જાનહાનિ થતી બચી છે.જો કે કેટલાક લોકોના મોત નિપજ્યા હતા.દરિયાકિનારે આવેલ માલમિલ્કતોને ભારે નુકશાન પહોચ્યું હતું. જો કે બીજા દિવસે વાવાઝોડા થોડુંક મંદ પડ્યુ હતું અને કેનેડા બાજુ પ્રયાણ કરી ગયુ હતું.આવા ભારે વિનાશક વાવાઝોડા સદીમાં એકાદ વાર દેખા દેતા હોય છે.સેન્ડીના કારણે અસંખ્ય લોકોના ઘરોમાંથી વીજળી ડુલ થઈ ગઈ હતી.જીવનજરુરીયાત ચીજવસ્તુઓ માટે લોકોએ ભારે દોડધામ કરી હતી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

ચુંટણી અને તહેવારોની મોસમ આવી ગઇ છે.તહેવારો અને મોંઘવારી બેઉ આમને સામને છે.મધ્યમવર્ગ માટે તહેવારોની ઉજવણીમાં મોંઘવારી નડતરરુપ છે. ખાદ્યતેલોના ભાવો રોજબરોજ વધતા જાય છે સરકાર સટોડીયાઓ પર કાબુ કરવાના મિજાજમાં નથી. ચુંટણી ટાણે તેમને સતાવવા ખોટનો ધંધો છે.તેથી સામાન્ય લોકોએ મોંઘવારીનો સામનો કરવો પડશે.

ચુંટણીઓની ગરમી વધી રહી છે. તેમજ ભ્રષ્ટાચારના કંકાલો રોજ નવા નવા બહાર પડી રહ્યા છે.દરેકને પોતાની રોટલી શેકવી છે.આજે કેજરીવાલ,કાલે બીજા કોઇ, અને પછી બીજા.સત્તા મેળવવા માટે એકબીજાને હંફાવવાની કોશીશ જારી છે.૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓ આવશે ત્યાં સુધીમાં હજુ બીજા કેટલીક એવી બાબતો બહાર પડશે કે મતદારો સુઝબુઝ ગુમાવી દે તેવું વાતાવરણ પેદા કરી નાંખવામાં આવશે.હાલમાં એવું દેખાઇ રહ્યું છે કે દેશમાં અસ્થિરતાનું વાતાવરણ પેદા કરી નાંખવું.પછી ભલે દેશ ખાડે જાય.ભ્રષ્ટાચારને નાથવો જરુરી છે.તેને મુળમાંથી દુર કરવો અઘરો છે.જો ખરેખર દરેક ભ્રષ્ટાચારીને પકડીને જેલમાં નાંખવા પડે તો કદાચ,જેલોની જગ્યા ઓછી પડે.દેશમાં રાતોરાત અમીર બનેલો વર્ગ અમથો અમીર નથી બન્યો તેની પાછળ એવા કરતુતો અને કારણો છે જે તેમને જેલના સળીયા પાછળ ધકેલી શકે છે.ગરીબ અને મધ્યમ વર્ગ આ બધું જોઇ રહ્યો છે.તેને આ દુર કરવા માટે હામ અને હિંમત નથી.કારણકે એવું કરવા જતાં એને જે ખોવું પડે તે તેને માન્ય નથી.

### વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## ઇજિપ્તના ખ્રિસ્તીઓ કટોકટીનો સામનો કરી રહ્યા છે



ઈજીપ્તમાં વસતા ખ્રિસ્તીઓ ભારે સતાવણીનો સામનો કરી રહ્યા છે.મુસ્લીમ બ્રધરહુડના પ્રેસીડેન્ટની ચુંટણીઓ આવી રહી છે.કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચના પોપનું અવસાન, અને હજારો લોકો સતાવણીને કારણે પોતાના ઘરો મુકીને સલામતી માટે ભાગી રહ્યા છે,અને બીજી અનેક મુશ્કેલ પરિસ્થિતિઓ ઉભી થઇ છે ,ત્યારે ઈજીપ્તના ખ્રિસ્તીઓનું ભાવી ખતરો અનુભવી રહ્યું છે.૨૦૧૨ ઈજીપ્તમાં વસતા ઈસુ ખ્રિસ્તમાં શ્રધ્ધા અને આસ્થા રાખનારા તેમના અનુયાયીઓ માટે પડકારરુપ વર્ષ છે.પરંતુ એક આશા છે કે ઈસુ તેમનો પ્રકાશ પાડશે અને કોઈક સારો માર્ગ નીકળશે.

ગત માસમાં ૧૦ હજાર જેટલા ખ્રિસ્તી યુવકો,યુવતીઓ ત્રણ દિવસ માટે એકઠા મળ્યા હતા. અને દેશ માટે ઈશ્વરનો આર્શીવાદ ઉતરી આવે તે માટે પ્રાર્થના કરી હતી.પ્રાર્થના કરવા માટે એકઠા મળેલા લોકોની સરેરાશ ઉમર ૧૩ થી ૩૦ વર્ષની હતી.તેઓ સવારે ૧૦ વાગ્યાથી પ્રાર્થના શરુ કરતા હતા અને રાત્રે ૮ વાગ્યે પુરી કરતા હતા.કેટલાક લોકો હજારો માઈલો દુરથી આ પ્રાર્થના માટે આવ્યા હતા.નોર્થ કેરોની વચ્ચે આવેલ રણમાં આ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઓરીસ્સા સરકાર અને સીબીઆઇને કંધમાલ હિંસા બાબતે સુપ્રીમ કોર્ટે નોટીસ જારી કરી



કંધમાલ હિંસા બાબતે સુપ્રીમ કોર્ટમાં ઓરિસ્સા સરકાર વિરુધ્ધ હ્યુમન રાઈટ્સ કાર્યકર્તાઓ અને અસરગ્રસ્તો દ્વારા કરવામાં આવેલ એક પીટીશનમાં કોર્ટે ઓરીસ્સા સરકાર,રાજ્ય પોલીસ અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન વિરુધ્ધ નોટીસ જારી કરી હતી.પીટીશન ફાઈલ કરવા પાછળનો આશય એ છે કે અસરગ્રસ્તોને ન્યાય મળે, શાંતિ સ્થપાય અને માનવીય અધિકારો મળે.તેમજ નવેસરથી તપાસ કરવામાં આવે અને રાજ્ય બહાર આ કેસો ચલાવવામા આવે.રાજ્ય સરકારે ચાલુ કરેલ બે ફાસ્ટ ટ્રેક કોર્ટોમાં અસરગ્રસ્તોને ન્યાય મળ્યો નથી.તેમજ ૩૦ જેટલા ખુન કેસના આરોપીઓ ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસા અને મિલ્કતોને આગ લગાડવામાં ૨૦૦૮ ના કેસોમાં સંડોવાયેલા હતા તે છુટી ગયા છે.સુપ્રીમ કોર્ટની બેંચમાં જસ્ટીસ આરએમ લોધા અને અનિલ આર દવેની બનેલી છે.જયારે ફરિયાદી તરફથી પલ્લવ શિસોદીયા ઉપસ્થિત રહ્યા હતા.

ખામી ભરેલી દાખલ કરાયેલ ફરિયાદો અને ખોટી તપાસોમાં પોલીસ તરફથી થઈ છે.પરિણામે અસરગ્રસ્તોને ન્યાય મળ્યો નથી.અને તેથી એવું લાગે છે કે ન્યાય માટે આશા રાખવી ઠગારી છે. એવું ડો.જોન દયાલ, સેક્રટરી જનરલ,ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ તરફથી જણાવાયું હતું.

૨૫૦૦ ક્રિમીનલ ફરિયાદો પૈકી ૮૨૮ એફઆઈઆર જ પોલીસે નોધી છે.તેમજ તપાસને અનેત પોલીસે માત્ર ૫૧૨ કેસોમાં ચાર્જશીટ ફાઈલ કર્યું હતું.અને અત્યારની પરિસ્થિતિ પ્રમાણે તે માત્ર ૩૧૫ કેસો જ છે.અત્યાર સુધીમાં માત્ર એક જ કેસમાં ૩૦૨ આઈપીસી હેઠળ ગુનો સાબિત થયો છે.ફરિયાદીઓ તરફથી ફરી તપાસની માંગણી કરવામાં આવી છે, તેમજ કેસો અન્ય રાજ્યમાં તબદીલ કરવા માંગણી કરાઈ છે.

હ્યુમન રાઈટ્સ એક્ટીવીસ્ટોના જણાવ્યા પ્રમાણે હિંસક હુમલાઓમાં ૫૬ હજાર લોકો વિસ્થાપિત બન્યા હતા.જે પૈકીના ૧૦ હજાર લોકો હજુ સુધી પોતાના મુળ ઘરોમાં રહેવા જઈ શક્યા નથી.જે બતાવે છે કે હજુ પણ ભયનો માહોલ ચાલુ છે.હિંસક ઘટનાઓમાં ખ્રિસ્તીઓના ૫૬૦૦ ઘરો બાળી નાંખવામાં આવ્યા હતા.૨૯૫ થી વધાર ચર્ચો,અને ખ્રિસ્તી સંસ્થાઓને આગ લગાડાઈ હતી.ખ્રિસ્તીઓ ગ્રુપે જણાવ્યા મુજબ ૧૦૦ થી વધુ ખ્રિસ્તીઓના ખુન કરવામાં આવ્યા હતા અને કેટલાય બળાત્કારો કરવામાં આવ્યા હતા.જો કે સરકાર માત્ર ૪૦ ખુનોનો આંકડો બતાવ્યો હતો.

ગત મહીને ઓરિસ્સા સરકારે જસ્ટીસ એ.એસ.નાયડુ, રીટાયર્ટ હાઈકોર્ટ જજ,ની જયુડીસીયલ કમિશનના નવા વડા તરીકે નિમણુક કરી હતી.જસ્ટીસ શરદચંદ્ર મોહપાત્રા,જે આ પહેલા આ સ્થાને હતા પરંતુ તેમનું અવસાન થતાં નવા વડાની નિમણુંક કરવામાં આવી હતી.

### જાણવા જેવું !

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.
નાઈલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.
જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.
વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.
મનુષ્યની ત્વચામાં આશરે ૨૫૦૦૦ છિદ્રો હોય છે.
વાઈબ્રેટરનો પહેલવહેલો ઉપયોગ હીસ્ટીરીયાના દર્દીઓના ઈલાજ માટે થતો હતો.
પહેલી ત્રિકોણ ટપાલટીકીટ ૧૮૫૩માં કેપ ઓફ ગુડહોપમાં પ્રકાશિત કરવામાં આવી હતી.
ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ઘોડીને છત્રીસ દાંત હોય છે.
ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.જીરાફની જીભ ૨૧ ઈચ લાબી હોય છે.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**★ Matrimonial ★**

Gujarati protestant Christian parents invite marriage proposals for their highly qualified 39 years old US Citizen Son. The suitable match would be a protestant, God fearing, Well educated Girl between the ages of 32-40, coming from a good family. Interested may submit a detailed bio-data with 2 recent color photographs (1 close up, 1 full size).

To Email : itsjgc@yahoo.com

# ચંદ્ર પર પ્રથમ પગ મુકનાર માનવી - નીલ આર્મસ્ટ્રોંગ

૨૫ ઓક્ટો.૨૦૧૨ના રોજ અમેરિકાના ઓહાયો રાજયના સિનસિનાટી નગરમાં હ્રદયની નસોની તકલીફને કારણે એક ચંદ્રસ્પર્શી મહામાનવનો જીવનદીપ બુઝાઇ ગયો.૮૨ વર્ષની બુર્ઝગ વયે જીંદગીને સંકેલી લેનારા આ ચંદ્રયાત્રી એ જ મહાન સિધ્ધ પુરુષ નીલ આર્મસ્ટ્રોંગ. તેમને અંતિમ શ્રધ્ધાંજલિ આપતાં પ્રમુખ ઓબામાએ જણાવ્યું હતું કે 'નીલ આર્મસ્ટ્રોંગ અમેરિકન પ્રજાની મહાન હસ્તીઓમાંના એક મુખ્ય અગ્રણી હતા'

વાસ્તવમાં તેઓ માત્ર અમેરિકાના જ નહિ પરંતુ સમગ્ર દુનિયાની માનવજાતમાં વીસમી સદીમાં સફળ થયેલ કીર્તીવંત વ્યક્તિઓમાંના વ્યક્તિવિશેષ હતા. તેમના અવસાનના ચાર દિવસ પછી ૩૦ ઓગષ્ટ,૨૦૧૨ના દિવસે અમેરિકાના એક મહિલા સુનિતા વિલિયમ્સ(મુળકુલ મહેસાણા જિલ્લો,ગુજરાત)એ આર્મસ્ટ્રોંગને પગલે ચંદ્રયાત્રા માટે પ્રયાણનો પ્રારંભ કર્યો હતો.

૫,ઓગષ્ટ,૧૯૩૦ના રોજ સમૃધ્ધ દેશ અમેરિકાની ધરતી પર ઓહોયો રાજયના એક ખેતરના ઝુપડા જેવા ઘરમાં નીલનો જન્મ થયો હતો.તેઓ જાણે ઊડવી પ્રખર પાંખો અને સાહસિકતા લઇને પૃથ્વી પર પધાર્યા હતા. નાનપણથી જ તેમને ચંદ્રની એવી લગની લાગી હતી કે તેઓ કુદી કુદીને ચંદ્રને પકડવાની કોશીષ કરતા હતા.

તેઓ ચંદ્ર પર પહોચવા માટેની યાત્રાના કુશળ અને વિખ્યાત અવકાશયાત્રી બન્યા તે અગાઉ ૬ વર્ષની વયે જ ઉડવાનું નાનકડુ વિમાન બનાવીને ઉડ્યા હતા.ડ્રાઇવીંગ લાઇસન્સ મેળવવા માટેની નિયત વયમર્યાદા ૧૮ વર્ષની હોય છે .તેઓ આ વયે પહોચે તે પહેલાં માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેમણે સ્ટુડન્ટ પાયલટ લાઇસન્સ મેળવ્યુ હતું.અને વિમાન ઉડાડવા મંડી પડ્યા હતા.શિશુ અવસ્થાથી જ ઊડાન અને આર્મસ્ટ્રોંગ એકબીજા પર્યાય બનેલા હતા.

તેમણે એરોનોટીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ પુરો કર્યો.આગળ અભ્યાસ કરીને એરોસ્પેસ એન્જીનીયરીંગના વિદ્યાક્ષેત્રે પારંગત થઇને માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરી.ત્યાર પછી ચંદ્રયાત્રા (મુન મિશન)માટે તેમના પર



કળશ ઢોળવામાં આવ્યો.ચંદ્ર પર જતા પુર્વે સાત વર્ષ સુધી તેમણે રોકેટપ્લેન ઉડાડવાનો મહાવરો કર્યો.આ ક્ષેત્રમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યુ.એક કલાકમાં છ થી સાડા છ હજાર કીલોમીટરની ઝડપે વિમાન રોકેટ ઉડાડવામાં તેઓ નિષ્ણાંત હતા. તેમની ગ્રહણક્ષમતા અને સ્મરણશક્તિ પડકારયુક્ત હતી.

પૃથ્વી પરથી પ્રારંભાયેલી ૨.૪૦,૦૦૦ માઇલની અવકાશયાત્રાને અંતે ૨૦ જુલાઇ,૧૯૬૯ના રોજ યશસ્વી નીલ આર્મસ્ટ્રોંગે એપોલો-૧૧ યાનના ઇગલ મોડ્યુઅલમાંથી ઉતરીને ચંદ્રની ભુમિ પર પદાર્પણ કર્યુ. એ વિશ્વ માટે ખગોળક્ષેત્રે સીમાચિહ્નરુપી ઐતિહાસિક ઘડીનો જોગસંજોગ હતો. ત્યારે પૃથ્વીગ્રહ પરના માનવીનું ચંદ્ર પર પ્રથમ પદચિહ્ન અંકાયું હતું. માણસના આ મહાન સોપાન અને સાહસને વિશ્વની ૬૦ કરોડ જેટલી જનતાએ ઉલ્લાસભેર વધાવ્યું હતું.દુનિયાભરના અનેક પ્રમુખો,વડાપ્રધાનો,વિજ્ઞાનીઓ અને જીજ્ઞાસુઓએ અભિનંદનો આપ્યા હતા.તે વખતે નીલ આર્મસ્ટ્રોંગનો વિવેકી,નર્મ અને સુચક પ્રતિભાવ આ હતો.

**That is one small step for man,one jaint leap for mankind.**ચંદ્ર પર માણસનું આ નાનું પ્રથમ પગલું એ માણસજાતની એક વિરાટ છલાંગ છે.ચંદ્ર પર લટાર મારીને પરત આવ્યા બાદ નીલ સેલિબ્રીટી તરીકે નામના મેળવી શક્યા હોત. પરંતુ પોતે પ્રસિધ્ધ થવાની તકો તેમણે જતી કરી હતી. જાણે તેમણે પોતાની પ્રસિધ્ધિને પડદામાં છુપાવી રાખી હતી.ચંદ્ર પર પ્રથમ કદમ ભરનારા મહાપુરુષ તરીકે પોતાને ખપાવીને તેમણે આપવડાઇના કોઇ નિવેદન કર્યા ન હતા.ઉલટાનું નમ્રતાથી એવું જાહેર કર્યુ કે તેઓને પોતાને ચંદ્ર પર પગ મુકવાનું જે સૌભાગ્ય સાંપડ્યું એ તો જાણે તેમના જીવનનો એક યોગાનુંયોગ હતો. ચંદ્રના પ્રવાસે વિદાય થતાં પુર્વે તેમણે જણાવ્યું હતું કે તેમને માટે તો ચંદ્ર પર ઉતરવાની સિધ્ધિ પ્રાપ્તિ થવાની રોમાંચકતાને બદલે પોતાને એક નવા પ્રકારનું અવકાશયાન ઉડાડવાની જે તક મળી છે તેના સાનંદાશ્ચર્યનું મહત્વ વધારે છે.

ચંદ્ર પરથી આવીને તત્કાળ જો તેમણે પોતાની આત્મકથા લખી હોત અને તેમાં ચંદ્રની રોમાંચકતાને પ્રાધાન્ય આપ્યું હોત તો ચપોચપ તેની લાખો નકલો વેચાઇ ગઇ હોત.અને ટંકશાળની માફક તેની આવકમાંથી તેઓ માલામાલ થઇ શક્યા હોત.પણ તેમણે એવું કર્યુ નહી.ત્રીસ વર્ષ પછી એક લેખકને સહકાર આપીને તેમણે પોતાનું જીવનચરિત્ર લેખકને જશ મળે તે રીતે પ્રકાશિત થવા દેવાનું સૌજન્ય દર્શાવ્યું.

આ સાહસકથા કહેવા માટે વિવિધ સંસ્થાઓના આમંત્રણથી તેઓ ૨૨ જેટલા દેશોમાં ફર્યા હતા.ભારતમાં મુંબઇ ખાતે તેમની સભા યોજાઇ હતી. ચંદ્રયાત્રા પછી બે વર્ષ સુધી તેમણે વૈજ્ઞાનિક સંસ્થા નાશા માં સેવાઓ આપી.પછી પોતાના સ્વભાવ અનુસાર તેઓ અસલ વ્યવસાયમાં યુની.ઓફ સિનસિનાટીમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા .અને સેલીબ્રીટીનું છોગું જતું કરીને વિદ્યાર્થીઓને એરોનોટિકલ એન્જીનીયરીંગનું શિક્ષણ આપ્યું.

તેમનું આ નિવેદન તેમની નમ્રતા છતી કરે છે.ચંદ્ર પરની યાત્રામાં મને મહાનાયક ગણવામાં આવે તે બરાબર નથી. કારણકે તેમાં તો હજારો ઇજનેરો,વિજ્ઞાનીઓ,ચાર લાખ કર્મચારીઓ અને સરકારી નાણાંનો ફાળો હતો.હું તો એક સામાન્ય ઇજનેર છું.ગાયોને ઉછેરીને મકાઇની ખેતી કરુ છું.અને ગામડાના ખેતરમાં શાંતિથી જીવવા માંગુ છું.જ્યારે જ્યારે તમે પુર્ણિમાની રાતે ચંદ્રને તમારી સામે સ્મિત કરતો જુઓ ત્યારે આર્મસ્ટ્રોંગને યાદ કરજો. લેખક :

ડો.સુરેન્દ્ર આસ્થાવાદી, નડીયાદ.૨

## જાણવા જેવું !

વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

# કમ્યુનીટી ડેવલપમેન્ટ સોસાયટી(સીડીએસ)




સીડીએસ,આણંદ,પાધરીયામાં આવેલી એક આગવા પ્રકારની એનજીઓ છે.જેના પ્રણેતા શ્રી મનોજ મેકવાન છે. આ સંસ્થા નાત-જાત-ધર્મ કે સંપ્રદાયના ભેદ રાખ્યા વગર જરુરીયાતમંદો,વંચિતોની સેવા કરે છે.હિંદુ,મુસ્લીમ,ખ્રિસ્તી યુવતીઓ કે જેમને વધુ અભ્યાસની તકો મળી નથી તેમને માટે આ સંસ્થા ટુંકાગાળાના તાલીમ કાર્યક્રમો-કોર્સોનું આયોજન કરે છે.તેમજ આવી યુવતીઓને કમાણીનું સાધન આપે છે.અહીયાં કેટલીય યુવતીઓ તાલીમ લઇને કમાતી થઇ છે.અને સ્વમાનભેર જીવે છે.આ સંસ્થા દ્વારા ગરીબ વિસ્તારો-ઝુંપડપટ્ટીઓમાં બાલવાડીઓ ચલાવે છે.જેમાં આ સંસ્થામાં તાલીમ લીધેલ યુવતીઓ સેવા આપે છે.સંસ્થા પ્રતિ વર્ષ જર્મની દેશ સાથેની યુવતીઓ સાથે મળીને એક્ષ્ચેન્જ કાર્યક્રમો ગોઠવે છે.ને અહીંથી આ ગરીબ યુવતીઓને એક કે બે માસ માટે જર્મની મોકલે છે.આજ સુધી કેટલીય હિંદુ,મુસ્લીમ,ખ્રિસ્તી યુવતીઓને આનો લાભ મળ્યો છે.કોમી સંવાદિતાનું આનાથી બીજુ ઉમદા ઉદાહરણ ક્યું હોઇ શકે.પ્રતિ વર્ષ સંસ્થા તેમનો વાર્ષિક દિન ઉજવે છે.આ કાર્યક્રમમાં બધીજ કોમના લોકો હાજર હોય છે.મનોજભાઇ પોતે ખ્રિસ્તી છે ને તેમના દ્વારા આ પ્રકારની ઉમદા પ્રવૃત્તિ થાય છે એ ગૌરવની વાત છે.શ્રી મનોજભાઇ તથા તેમના સહુ કાર્યકરોને આપણા હાર્દિક અભિનંદન.

- ફાધર વિલિયમ



## પીટીઆરસી(પીપલ્સ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર)

પીટીઆરસી,વડોદરા સ્થિત સ્વૈચ્છીક સંસ્થા ફેકટરીઓ તથા ઉદ્યોગોમાં કામ કરતા કામદારો અને મજુરોના સ્વાસ્થના હક્કો અને સલામતી માટે કામ કરે છે.તેના પ્રણેતા શ્રી જગદીશ પટેલ છે.ખંભાત શહેરમાં અકીક ઉદ્યોગમાં કામ કરતાં ગરીબ મજુરોને સીલીકોસ નામનો મટી ના શકે તેવો રોગ થાય છે ને ઘણાખરા મજુરો માત્ર ૪૦ વર્ષની વયે મૃત્યુને ભેટતા હોય છે.આવા ગરીબ કામદારોના પરિવારોને માલિકો તરફથી પુરતુ રક્ષણ મળે ને તેમને વિમાનો લાભ મળે એ માટે જગદીશભાઇ ઘણી મહેનત કરે છે.તા.૨૦મી ઓકટો.ના રોજ ખંભાત ખાતે શ્રી માધવલાલ શાહ હાઇસ્કુલમાં એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.અકિક ઉદ્યોગમાં કામ કરતા કામદારોની માટે કેવા કાયમી ઉકેલ લઇ શકાય એના માટે સુચનો માંગ્યા હતા.ફાધર વિલિયમ, રિશ્તા આ સેમિનારમાં આમંત્રણ મળ્યુ હોઇને ઉપસ્થિત રહ્યા હતા.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઇલાલભાઇ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આશીર્વાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

# પોપના બટલર પૌલો ગ્રેબીયલને વેટીકનની જેલમાં મોકલાશે




પોપ બેનીડીક્ટ XVI ના ૨૦૦૬ની સાલથી આસી.તરીકે કામ કરતા,ગેબ્રીયલ,૪૬ વર્ષના ઈટાલીયનને વિશ્વાસભંગ બદલ,તેમજ પોપના કેટલા ખાનગી પત્રવ્યવહારો,અગત્યના દસ્તાવેજોની ચોરી તેમજ માહીતી ઈટાલીયન જર્નાલીસ્ટને પુરી પાડવા બદલ ૧૮ મહીનાની સજા કરવામાં આવી હતી.ફાધર લોમ્બારડી એ કેથોલીક ન્યુઝ સર્વીસને જણાવ્યું હતું કે ગ્રેબીયલને વેટીકન પોલીસ બેરેકમાં રાખવામાં આવશે. તેમજ તે પોતાના કુટુંબ જેમાં ત્રણ બાળકો સાથે વેટીકન એપાર્ટમાં રહેતો હતો તેનું પણ ધ્યાન રાખવામાં આવશે.

કાર્ડીનલ ટેરસીસીઓ બેરટોન,વેટીકન સેક્રટરી સ્ટેટના જણાવ્યા પ્રમાણે આ પ્રકારના ગુનાએ પોપ અને યુનીવરસલ ચર્ચને ગંભીર નુકશાન પહોચાડ્યું છે.અને ગેબ્રીયેલ હોલી ફાધર ની વિરુધ્ધમાં ગંભીર ગુનો આચર્યો છે.ગેબ્રીયલને ભવિષ્યમાં વેટીકન ખાતે કોઈપણ પ્રકારની નોકરી મળી શકશે નહી.તેણે પોપ તથા ઘણા બધા લોકોનો વિશ્વાસભંગ કર્યો છે.



અમેરીકામાં આવેલ સેન્ડીના વાવાઝોડાની સાથે ભારતના દક્ષિણ કિનારે,એટલે કે તામીલનાડુ અને આંધ્ર પ્રદેશના દરિયા કિનારે નિલમ નામનું વાવાઝોડું ફુંકાયું હતું.તામીલનાડુના દરિયાકિનારે વાવાઝોડા અને વરસાદને કારણે લોકોએ ભારે હાલાકી ભોગવી હતી.જેમાં કેટલાક લોકોના મૃત્યુ પણ થયા હતા.

સેન્ડી જેવું વાવાઝોડુ અમેરિકામાં વસતા અને અસરગ્રસ્તોએ છેલ્લા ૫૦ વર્ષમાં જોયું નથી.અત્યાર સુધીમાં સેન્ડીના કારણે ૯૦ લોકોના જાન ગયા છે.લાખો લોકો વિજળી વગર છે.હજુ ક્યારે મળશે તે નક્કી નથી પરંતુ વ્યવસ્થાતંત્ર કાર્યરત છે.પવન અને પાણીના તેજ પ્રવાહમાં રસ્તાઓ,મકાનો અને ઝાડો પાયામાંથી ઉખડી ગયા હતા.૧૧૧ જેટલા મકાનો આગ લાગવાને કારણે ભસ્મીભુત થઈ ગયા હતા.આમ સેન્ડીના કારણે અબજો રુપીયાનું નુકશાન થયું છે.



# સમયને વેડફી નાંખવા જેવું પાપ નથી

ગાંધીજીએ કહ્યું છે : 'જે મિનિટ જાય છે તે પાછી આવતી નથી.એ જાણવા છતાંય આપણે કેટલી બધી મિનિટો વેડફી દઈએ છીએ' આપણે સભાન છીએ, પણ કશું કરી શકતા નથી.જે તમાકુનો વ્યસની છે એને ખબર છે કે એનું પરિણામ શું આવશે છતાંય એ વ્યસન છોડી શકતો નથી.એવું જ આળસુ લોકો માટે કહી શકાય. પ્રણવાનંદજીએ તો કહ્યું છે : 'સમયને વેડફી નાંખવા જેવું બીજું કોઈ પાપ નથી.'માણસ પાસે પોતાને ગમતુ કામ હોય એના માટે સમય હોય છે.પણ બધી રીતે એ ગોઠવાય એ જરુરી છે.માણસ એકવાર પોતાના ક્ષેત્રમાં સફળ યા પછી તો એની પાસે સમય ઘણો રહેતો હોય છે. માણસે જીવનમાં કંઈક પ્રાપ્ત કરવું હોય તો સમયનો યોગ્ય ઉપયોગ કરવો જ રહ્યો. જે લોકો ખાલી વાદ વિવાદ ઊભા કરે,ક્ષુલ્લક ચર્ચાઓ કરે, નકામી,ક્ષુદ્ર અને બીજી કામ વગરની વાતોમાં પોતાનો સમય બરબાદ કરવાથી કશું જ મેળવી શકાતું નથી.સાચા અર્થમાં તો સમયને ખોટી રીતે બરબાદ થતો અટકાવવો જોઈએ.સમય તો ક્યારેય અટકવાનો નથી.પણ આપણે અટકી જઈએ એ પહેલા સમયનો સદપયોગ કરવો એ આપણા હિતમાં છે. આપણે આપણાં કામોને એના ચોક્કસ સમયે પુરા કરવા જોઈએ. જેથી આયોજનના અભાવે ચુલા ઉપર મુકેલું આંધણ એળે ના જાય. આપણે આગળ નોધ્યું છે કે સમય એક કડક,શિસ્તથી ચાલનારો શિક્ષક છે. હેકટર બરલીઓઝે પણ કહ્યું છે : 'સમય એક મહાન શિક્ષક છે.જે કમનસીબે પોતાના બધા જ શિષ્યોને મારી નાંખે છે.'કાળની કેડીએ ચાલતાં સૌ ખતમ થઈ જતાં હોય છે.

કેટલાક લોકો તકની રાહ જોતા હોય છે. જે માણસ હાથ-પગ હલાવ્યા વિના નસીબના આધારે જીવવા માંગતા હોય તો એ કશું જ મેળવી શકતો નથી.એના માટે એના જીવનમાં કોઈજ સમય આવતો નથી.હ્યુ એલને કહ્યું છે : એક મોટી તક આવી પહોચે એની રાહ જોઈને બેસી રહેવાને બદલે નાની નાની તકોને ઝડપી લેવાથી આપણે ઝટ મુકામે પહોચી શકીએ છીએ.જે મળે એને મેળવીને પછી આગળ વધવું જોઈએ. સમયના ચક્રને કોઈ અટકાવી શક્યું નથી. કાળથી કોઈ બચી શક્યું નથી.એ ફરતા ચક્રના આરાઓમાં જીવ માત્ર એવા તો ફસાયેલા છે કે તે ક્યારેય છુટી શકતા નથી. ટેનિસને કહ્યું છે : 'ઘડિયાળના કાંટાને તમે અટકાવી શકો નહી, પરંતુ હા, તમે પધ્ધતિસરના આયોજનથી સમયનો વધારેમાં વધારે ઉપયોગક કરી શકો.સમયનો જે મહત્તમ ઉપયોગ કરી જાણે છે કે સફળ છે, સુખી છે 'સમય આપણી સાથે બંધાયેલો નથી.સમયની સાથે આપણે બંધાયેલા છીએ. તેથી તે નિરર્થક વહી ન જાય એની સતત ચિંતા કરવી એ આપણી ફરજ થઈ પડે છે.ક્યા સમયે ક્યું કામ કરવું એની પસંદગી મહત્વી છે. એના આધારે જ માણસ આયોજન કરી શકતો હોય છે.બેકને કહ્યું છે :' સમય પસંદ કરવા એ સમયની બચત છે.'જે સમયે જે થતુ હોય એ જ થાય.

માણસો બુમ પાડે છે કે સમય નથી....સમય નથી. એ માત્ર એમનો દંભ છે. એ રીતે જ એ સમયને વેડફતા હોય છે. ડીઓને કહ્યું છે : 'માણસો સમયને વેડફવાની વાત કરે છે, જ્યારે સમય શાંતિથી માણસોને ખતમ કરે છે.'આપણને ખબર છે ખરી કે આપણે ક્યારે ઢળી પડીશું. લોંગફેલોએ કહ્યું છે : 'સમયની રેતી પર આપણાં પગલાંની લિપી આંકી જવી હોય તો સમયને વશ કરો.એને ઝડપી લઈને કશુંક સિધ્ધ કરવું જોઈએ,પ્રાપ્ત કરવું જોઈએ' આપણે જે કંઈ મેળવ્યું હોય એને સન્માર્ગે વાળવું જોઈએ.નહીતર સત્તા,સંપત્તિ અને શરીરને સમય વાપરે તે પહેલાં તમે તેને સન્માર્ગે નહીં વાપરો તો અનેક અનર્થો ઊભા થશે.જે કંઈ જીવાય,જેટલો સમય હોય એટલો ભરપુર આનંદથી જીવો. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે : 'પતંગિયુ થોડીક ક્ષણો જીવે છે.તોય એની સામે પુરતો સમય હોય છે. 'નિરાંતથી સમય સાથે કદમ મિલાવો, તમને અનેરો આનંદ મળશે જ.આળસું થઈને પડ્યા રહેવાથી કશું જ પ્રાપ્ત થઈ શકતું નથી. માણસ હોવાના નાતે અનેક પળોજણમાં પસાર થવું પડતું હોય છે. અનેક પ્રકારની પ્રતિકુળ પરિસ્થિતિઓ અને સંઘર્ષનો સામનો કરવો પડતો હોય છે. છતાંય શાંત ચિત્ત સમયને માણતા આવડે,ઉપયોગ કરતાં આવડે ,એને દુ:ખી થવું પડતું નથી.પ્રણવાનંદજીએ કહ્યું છે :અનેક વેળા અનેક રીતે માનસિક અવસ્થાનું પરિવર્તન થયા કરશે.એથી ડગી જવાનું નથી.આ સમયે સફળતાથી પસાર થઈ જશે તો પછી સુખ-શાંતિથી જીવન ગુજારી શકશો.

માણસને આજે સૌથી મોટી ખેચ સમયની છે. કોઈને નવરાશ નથી.એ લોકો સમયનું શું કરે છે.એની એમને પણ ખબર પડતી નથી. એ લોકો સમયનું શું કરે છે.એની એમને પણ ખબર પડતી નથી.જો કે કોઈકે કહ્યું છે કે સમય આપણને શાણા બનાવેં એ પહેલા સમયસર આપણે શાણા બની જવું એ વધુ ડહાપણભર્યું છે.પણ એવું બનતું નથી.આજે તો સમય આપણને ગાંડા બનાવી રહ્યો છે.એ સમયનો ડહાપણભર્યો ઉપયોગ આપણે કરી શકતા નથી. આપણે જે કાર્યો કરીએ છીએ તે સમયની કસોટીમાંથી પાર ઉતરે છે કે નહી,તેની ખબર તો સમયે જ થશે. જોન રેમન્ડે કહ્યું છે :'તમે જાતે જ ખોદેલા ખાડામાં તમે પડો એ સર્વોત્તમ સમય છે કે જ્યારે તમે તમારી કાર્યકુશળતા યોગ્ય રીતે મુલવી શકો.'માણસે સમયના સંદર્ભે પોતે જ પોતાની જાતનું મુલ્યાંકન કરતા રહેવું પડે, તમે શું છો એનો સાચો પરિચય તો સમય જ આપી શકે. સમય જ માણસનો સાચો ઘડતરદાતા છે.જેમ બે ક્ષણ વચ્ચે નદીનું વહેણ બદલાઈ જાય છે એમ બે ક્ષણ વચ્ચે માણસ પણ બદલાઈ જાય છે.હર ક્ષણ આપણું રુપાંતર થતું જ રહે ચે.પણ એનાથી આપણે અજાણ હોઈએ છીએ. તેથી સમયને વેડફવામાં પાછી પાની કરતા નથી. પ્રણવાનંદજીએ કહ્યું છે : 'આ મહાસંગ્રામમાં તમારે તમારી વિશિષ્ટતા,તમારા માન,મર્યાદા અને વ્યક્તિત્વ સાથે ઉભા રહીને એક મહાન વીરપુરષ તરીકે તમારો પરિચય આપવાનો આ જ સમય છે.'એ સમયની આંગળી પકડીને આગળ ને આગળ વધતાં રહેવું જોઈએ.

ટોમસ ફુલરે કહ્યું છે :' સમય અને શબ્દોને પાછા લાવી શકાતા નથી'એવી જ રીતે નરેશ મહેતાએ પણ કહ્યું છે : સમય પોતે પસાર થા માટે કોઈની સ્વીકૃતિ કે પ્રતિક્ષા કરતો નથી. સમય થોભતો નથી, આપણે થોભવું પડે છે.પણ સમય જ્યારે વીતી જાય છે ત્યારે આપણને ઉદાસી આપતો જાય છે.સમય કયારેય વિભાજીત થતો નથી.વિભાજન તો આપણે કરીએ છીએ.સમય શાશ્વત છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)

## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.